# અરવલ્લીમાં ત્રણ જ દિવસમાં કોરોનાના નવા ૧૫ કેસ નોંધાયા

## મોડાસા શહેર અને પાંચ ગામના આરોગ્યના સર્વે માટે ૪૩ ટીમ કાર્યરત

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણ અટકવવા પૂરતી તકેદારી રાખવા છતાં ૧૬ જેટલા COVID-19 પોઝીટીવ કેસ સામે આવતાં આરોગ્ય વિભાગ દ્વારા પોઝીટીવ આવનાર વ્યક્તિઓના રહેણાંક અને ગામ સહિતના વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવાની સાથે સાથે આસપાસના પાંચ કિ.મી વિસ્તારમાં આવતા વિસ્તારને બફર ઝોન જાહેર કરી સર્વેલન્સની કામગીરી વધુ સઘન બનાવવામાં આવી રહી છે.

અગાઉ ભિલોડાના કુશાલપુરા ગામમાં ૭૦ વર્ષિય મહિલાનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યા બાદ ત્રણ જ દિવસના સમયગાળામાં અરવલ્લી જિલ્લામાં કોરોના પોઝીટીવના ૧૫ કેસ નોંધતા જિલ્લા વહિવટીતંત્ર અને આરોગ્ય વિભાગ સતર્ક બની કામગીરી હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લામાં ગ્રામ્ય વિસતારમાં પણ કોરોનાએ પગપેસારો કર્યો છે. જેમાં ભિલોડા તાલુકાનો ૦૧ ધનસુરા -૦૨ કેસ,મેઘરજ -૦૪કેસ અને મોડાસા-૦૭, બાયડ-૦૨ મળી COVID-19 કુલ-૧૬ પોઝીટીવ કેસ નોધાયા છે.

જિલ્લામાં બે દિવસ દરમિયાન નોંધાયેલ કેસમાં પાંચ ગામ અને મોડાસા શહેરના કોરોના પોઝીટીના સંપર્કમાં આવનાર ૧૪૮ લોકો હતા. જે પૈકી ૭૯ લોકોને હોમ કોરોન્ટાઇન, ૦૪ ને ફેસીલીટી કોરોન્ટાઈન જયારે બે ને આઈસોલેટેડ કરવામાં આવ્યા હતા જયારે ૦૬ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે જેને લઇ આરોગ્ય વિભાગ સતર્ક બની નોધાયેલ કેસ ના ગામોમાં જિલ્લા ખાતે બનાવેલ ૪૩ આરોગ્યની રેપીડ રીસ્પોન્સ ટીમોધ્વારા ગામની આજુ બાજુના ત્રણ કિલોમીટરની ત્રિજ્યામાં આવતાતમામ ગામોને કન્ટેનમેન્ટ ઝોનમાં આવરી લઈ હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.




# પાલનપુરના ગઠામણમાં કોરોના અન્ય મહોલ્લામાં પ્રસર્યો : વધુ બે પોઝિટિવ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર તાલુકાના ગઠામણમાં કોરોના પોઝિટિવના વધુ બે કેસ સોમવારે નોંધાયા છે. જોકે, આ વખતે કોરોનાનો કેસ ગામના અન્ય મહોલ્લામાંથી મળતાં લોકલ સંક્રમણ વધી રહ્યું છે. જ્યાં આરોગ્ય વિભાગ દ્વારા સઘન સર્વે સાથે હવે આ બે યુવતીઓના સંપર્કમાં આવેલા લોકોની શોધખોળ હાથ ધરી તેમને હોમ કોરેન્ટાઈન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બનાસકાંઠામાં સોમવારે કોરોના વાયરસના વધુ બે પોઝિટિવ કેસ નોંધાયા હતા. જ્યાં પાલનપુર તાલુકાના એક માત્ર ગઠામણ ગામમાં લોકલ સંક્રમણથી વધુ બે કેસ બહાર આવ્યા છે. જ એક પછી એક નવા કેસ બહાર આવી રહ્યા છે. જોકે, આ વખતે કોરોનાનો કેસ ગામના અન્ય મહોલ્લામાંથી મળતાં લોકલ સંક્રમણ વધી રહ્યું છે. જ્યાં આરોગ્ય વિભાગ દ્વારા સઘન સર્વે સાથે હવે આ બે યુવતીઓના સંપર્કમાં આવેલા લોકોની શોધખોળ હાથ ધરી તેમને હોમ કોરેન્ટાઈન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ ગામમાં સૌ પ્રથમ હાથ લારી દ્વારા સામાનની હેરાફેરી કરતાં આધેડનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેમના ચેપથી તેના પરિવારના ૪ વ્યક્તિને કોરોના થયો હતો. અને પરિવારના સદસ્યોના સંપર્કથી ૫ વર્ષની બાળકી અને યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. દરમિયાન કોરોના પોઝિટિવના વધુ બે કેસ રવિવારે નોંધાયા છે. જ્યાં બેસણામાં આવેલા એક ૨૮ વર્ષની સ્ત્રી અને ૩૫ વર્ષનો પુરૂષ અગાઉ પોઝિટિવ આવેલા દર્દીના સંપર્કમાં આવ્યા બાદ કોરોનાનો ચેપ લાગ્યો હતો. અને સોમવારે ગામના અન્ય મહોલ્લામાં બે યુવતીઓ કોરોના વાયરસની ઝપટે આવતાં ગ્રામજનોમાં ભારે ફફડાટ પ્રસરી જવા પામ્યો છે. ગામમાં કોરોના વાયરસના પોઝિટિવ દર્દીઓની ૧૦ થવા સાથે બનાસકાંઠા જિલ્લામાં કોરોના પોઝિટિવ દર્દીઓનો આંકડો ૧૨ થવા પામ્યો છે.




## ધાનેરામાં પોલીસે લોકોને સમજાવી માસ્ક પહેરાવ્યા



ધાનેરા, તા.૨૦

કોરોનાવાયરસ ના વધતા જતા સંક્રમણને અટકાવવા માટે બનાસકાંઠા જિલ્લા કલેકટર દ્વારા એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે અને તેમાં જણાવવામાં આવ્યું છે કે જિલ્લાની તમામ જાહેર જગ્યા પર કોઈપણ વ્યક્તિએ માસ્ક વગર ફરવું નહિ અને જે પણ વ્યક્તિ માસ્ક વગર ફરશે તેની સામે પગલાં ભરવામાં આવશે પહેલી વખત માસ્ક વગર ઝડપાશે તેની પાસેથી ૨૦૦ રૂપિયા દંડ વસૂલ કરવામાં આવશે તો વારંવાર માસ્ક બાંધ્યા વગર જે વ્યક્તિ ઝડપાસે તેની પાસેથી પાંચસો રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવશે ત્યારે આજે વહેલી સવારે જ ધાનેરા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે અને ધાનેરાના બસ સ્ટેશન વિસ્તારમાં પસાર થતાં લોકોને માસ્ક બાંધવા માટેનો અનુરોધ કરવામાં આવ્યો છે તો કેટલાક લોકો આજે પણ માસ્ક બાંધ્યા વગર ફરી રહ્યા હતા તેવા લોકોને ધાનેરા પોલીસે સમજાવે છે અને માસ્કમાટે અનુરોધ કર્યોછે તો બીજી તરફ હવે પછી જે વ્યક્તિ માસ્ક વગર ઝડપાસે તેની સામે દંડનીય કાર્યવાહી કરવાની પણ સુચના આપી છે

## ડીસા રેલવે સ્ટેશન વિસ્તારમાં જરૂરીયાતમંદ લોકોને બે ટાઈમ ભોજનની વ્યવસ્થા ઉભી કરાઈ

ડીસા રેલવેસ્ટેશન વિશ્વકર્મા નગર ગોપાલેશ્વર મહાદેવ મંદિર પાસેરહેતા કેટલાક સેવા ભાવિકોદ્વારા હાલમાં ચાલી રહેલા લોકડાઉનના કારણે કેટલાક મજૂર વર્ગને પોતાની મજૂરી ના મળતી હોવાના કારણે બે ટાઈમનું ખાવા માટે આમ તેમ ભટકવી ના પડે તે માટે ડીસા શહેરની વિવિધ સોસાયટી દ્વારા ગરીબ પરિવારોને ખાવાનું આપવામાં આવી રહ્યું છે. જેમાં ગરમા ગરમ પુરી અને બટાકાનું શાક પીરસવામાં આવે છે. ઉલ્લેખનીય છેકે ડીસા શહેરમાં સેવાભાવી સંસ્થાઓ દ્વારા ચાલતા ભોજનાલય રસોડા બંધ થઈ જતાં ગરીબ જરૂરિયાતમંદ લોકો માટે મુશ્કેલીઓ ઉભી થઈ છે ત્યારે હવે આવા લોકોની પડખે ડીસાના સેવાભાવી લોકો દ્વારા ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

## તલોદમાં ચુસ્ત લોકડાઉન વચ્ચે પણ દેશી દારૂના અડ્ડાઓ બે લગામ

તલોદ, તા. ૨૦

સમગ્ર વિશ્વભરમાં કોરોના વાઈરસ બિમારીએ હાહાકાર મચાવ્યો છે ત્યારે આપણા દેશના વડાપ્રધાને લોકોના જીવની સલામતી રહે તેવા મુળભુત ઉદ્દેશથી સંપૂર્ણ દેશમાં લોકડાઉન જાહેર કર્યુ છે. જે આ લોકડાઉનનો કડકપણે અમલ થાય તે માટે આપણા રાજ્યમાં વહિવટીતંત્ર ખડેપગે રાતદિવસ ફરજ બજાવી રહ્યુ છે. આ લોકડાઉન દરમ્યાન તલોદમાં જીવન જરૂરી ચીજવસ્તુ પણ વહિવટીતંત્ર નિયમ અનુસાર લોકોના ઘરે ઘરે પહોંચતી કરી રહી છે. પરંતુ તલોદ વિસ્તારમાં આવેલા કેટલાક દેશી દારૂના અડ્ડાઓ બેરોકટોકપણે બિન્દાસ પોતાનો ધંધો ચલાવી વહિવટીતંત્રની જોરદાર મજાક ઉડાવી રહ્યુ છે. જે કારણે તલોદમાં આ ચર્ચાનો વિષય બન્યો છે.

તલોદમાં લોકડાઉનનો ચુસ્ત બંદોબસ્ત રહે તે માટે એસઆરપી જવાનો પણ તૈનાત કરી દેવામાં આવ્યા છે. પોલીસ દ્વારા આવન-જાવન કરતા લોકો ઉપર ડંડાવાળી કરી કાયદાનું કડક પાલન કરાવી રહિ છે. બાઈકો, સ્કૂટરો, ફોરવિલ્હરોને ડીટેન કરી આવા સાધનોની અવરજવર ઉપર કડક કાર્યવાહી થઈ રહી છે. ત્યારે બીજી બાજુ તલોદમાં ખૂલ્લેઆમ ચાલતા દેશીદારૂના અડ્ડાઓ બે લગામ બની આ લોકડાઉનની મજાક ઉડાવી તંત્રના ફરજદારો ઉપર હાસ્યસ્પદ બની ચુક્યુ છે. તલોદમાં સિવિલ હોસ્પિટલની બાજુમાં, પ્રજાપતિ બોર્ડીંગ પાસે, વણઝારાવાસ, બસસ્ટેન્ડની બાજુમાં, રેલવેસ્ટેશનની સામે, કેશરપુરા રોડ જેવા અનેક વિસ્તારો, આજે પણ દારૂની હાટડીઓ ધમધમી ઉઠતા આ રહેણાંક વિસ્તારમાં લોકડાઉન જેવા પગલાને લોકો દારૂના હપ્તાથી ચલાવતા બૂટલેગરો છેદ ઉડાડી રહ્યા છે.

## કોરોનાના શંકાસ્પદ લક્ષણો ધરાવતી મહિલાએ બાળકીને આપ્યો જન્મ

પાલનપુર, તા.૨૦

બનાસકાંઠા જીલ્લામાં કોરોના પોઝિટીવના કુલ ૧૨ કેસ થઈ ગયા છે. ગઈકાલે જ મહેક નામના પાંચ વર્ષના વાવના મીઠાવી ચારણનો બાળક કોરોનાને હરાવીને ઘરે પરત ફર્યો છે. પાલનપુરના ગઠામણ ગામના કોરોના પોઝિટીવ ચાર દર્દીઓ પૈકીના સગર્ભા મહિલાને સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આ મહિલાને પૂર્ણ માસનો ગર્ભ હોઈ કોરોના ના શંકાસ્પદ લક્ષણો ધરાવતી મહિલાને પ્રસૂતા ની પીડા થતા બનાસ મેડીકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ પાલનપુર ના મેડીકલ ની ટીમ કામે લાગી હતી. બનાસ મેડીકલ કોલેજના ડોક્ટરોએ કોરોના ના શંકાસ્પદ લક્ષણો ધરાવતી મહિલાને નોર્મલ પ્રસૂતિ કરાવી હતી. પ્રસૂતિ બાદ બાળક અને માતાની તબિયત સ્થિર છે. કોરોના ના દર્દીની સારવાર કરી રહેલા ડોકટરો એ ખૂબ જ કાળજી રાખવાની હોય છે તેવા સમયમાં પ્રસૂતિ કરાવી બનાસ મેડિકલ કોલેજ કોવિડ ૧૯ હોસ્પિટલના ડોક્ટરોએ કોરોના યોદ્ધા બની માનવ જીવનમાં પ્રેરણાદાયક કિસ્સો પૂરો પાડ્યો છે. બનાસ મેડીકલ કોલેજ કોવિડ ૧૯ હોસ્પિટલ ના ડૉ. અજીત શ્રીવાસ્તવ અને ડૉ. ઉત્સવ પંડ્યા તેમજ મેડીકલ સ્ટાફ કોરાના ના શંકાસ્પદ



લક્ષણો હોવા છતાં ખડેપગે રહીને સારવાર નવજાત બાળક અને માતાને સારવાર આપી રહ્યા છે.

જિલ્લામાં લોકડાઉનની પરિસ્થિતિમાં જ્યારે મોટાભાગના ખાનગી હોસ્પિટલ કાર્યરત નથી ત્યારે પ્રસૂતા મહિલાઓ અને ઈમરજન્સી દર્દીઓ માટે બનાસ મેડીકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ પાલનપુર લોકસેવા કરી લોકોના દુઃખમાં સંજીવની બની છે.

## પ્રાંતિજના ઝાલાની મુવાડીનો જવાન શહીદ થતાં ગાર્ડ ઓફ ઓનર અપાયું

### માદરે વતન ખાતે તેનો પાર્થીદેહ ને લાવવામાં આવ્યો હતો : CRPF નો જવાન આતંકી હુમલામાં શહીદ થયો હતો

પ્રાંતિજ, તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઝાલાની મુવાડી ગામ નો જવાન જમ્મુ કાશ્મીર ના બારામૂલા જિલ્લાના સોપારમાં આંતકી હુમલામાં શહીદ થતા તેનો જવાનો ગંભીર ઈજાઓ પહોચતા સારવાર અર્થે દવાખાને ખસેડવામાં આવ્યા હતાં જેમાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઝાલાના મુવાડી ગામના અને પાંચ વર્ષથી સીઆરપીએફમાં તો પોલીસ તથા સીઆરપીએફ અધિકારી જવાનો દ્વારા અંતિમક્રિયા પહેલા શહીદ જવાનને ગાર્ડઓફ ઓનર અપાયું હતું. તો આ પ્રસંગે સીઆરપીએફના અધિકારી



પાર્થીદેહને માદરે વતન ખાતે લાવી ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું તો જવાનની અંતિમવિધિમાં સંગાસંબધીઓ સહિત આજુબાજુમાંથી હજારોની સંખ્યા લોકો આપમેળે ઉપસ્થિત રહ્યાં હતાં.

ઉત્તર કાશ્મીરના બારામૂલા જિલ્લાના સોપાર વિસ્તારમાં શનિવારે સાંજે સીઆરપીએફ અને પોલીસની ટીમ પર આતંકવાદીઓએ હુમલો કરતા સીઆરપીએફ ના ત્રણ જવાન શહીદ થયા હતાં જેમાં સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના ઝાલાની મુવાડી ગામનો સતપાલસિંહ બચુસિંહ પરમાર શહીદ થતાં પરિવારજનો અને જિલ્લામાં શોકનું મોજું ફરી વળ્યું હતું શનિવારે સાંજના સુમારે જમ્મુ કાશ્મીરના સોપારમાં થયેલા હુમલામાં સીઆરપીએફના ૩ જવાન શહીદ થયાં હતાં અને ૩ ફરજ બજાવતા સતપાલસિંહ બચુસિંહ પરમાર શહીદ થયા હોવાની જાણ પરિવારજનો થતા પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકયું હતું. તો આજે શહિદ જવાનનો પાર્થીદેહ માદરે વતન સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઝાલાની મુવાડી લાવવામાં આવ્યો હતો જયાં હજારોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં અને સોસિયલ ડિસ્ટન સાથે શહિદ જવાનને અમર રહોના નારા સાથે ફુલોની વરસા કરવામાં આવી હતી તો તેના માતા પિતા પણ પુત્રનો પાર્થીદેહ ધરે આવતા આખોમાંથી આંસુ રોકી શક્યા નહતા સાથે સાથે પુત્ર દેશ માટે શહીદ થતાં ગૌરવ પણ અનુભવી રહ્યા હતાં. તો દેશ માટે પુત્રએ બલીદાન આપ્યું તો શહીદ જવાનો પાર્થીદેહ ઘરે લાયા બાદ તેની અંતિમ યાત્રા પણ નિકળી હતી. સંજય લાટકર, સાબરકાંઠા એસ.પી. ચૈતન્યરવિન્દ્ર મંડલીક, ડીવાયએસપી કે. એસ. સુર્યવશી, સાબરકાંઠા - અરવલ્લી સાંસદ દિપસિહ રાઠોડ, પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પ્રાંતિજ- તલોદના પ્રાન્ત અધિકારી સોનલબા પઢેરીયા, પ્રાંતિજ મામલતદાર એચ. પી. ભગોરા, તાલુકા વિકાસ અધિકારી નિતિનભાઇ પટેલ, પ્રાંતિજ પીઆઈ એમ. ડી. ચંપાવત, પીએસાઈ બી. ડી. રાઠોડ, મહિલા પીએસાઈ પી. ડી. ચૌધરી, નાયબ મામલતદાર અશોકભાઈ પટેલ, ગામના સરપંચ તથા બાઈના મુવાડા સરપંચ રતુભા ઝાલા સહિત ગામજનો આજુબાજુના ગામોમાંથી આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને શહીદ જવાનને ખરા અર્થમાં શ્રધ્ધાંજલી અર્પી હતી.

## અરવલ્લીના છેવાડીયાના ત્રણ કિ.મી વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરાયો

### કન્ટેઇનમેન્ટ ઝોનના સેંગીયાની રાયણ અને જશવંતપુરા ગામના લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ કોવિડ-૧૯ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ કોવિડ-૧૯ના કુલ-૧૨૦૦૦ થી વધારે કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે કોરોના વાયરસ કોવિડ-૧૯ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ કોવિડ-૧૯ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા પ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ દ્વિતીય કેસ નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે કોવિડ-૧૯ન કોન્ટેનમેન્ટ એરીયા (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં કોવિડ-૧૯નો કેસ મળી આવેલ છેવાડીયા ગામની આસપાસની ૩ કી.મી સુધીના વિસ્તારના સેંગીયાની રાયણ અને જશવંતપુરા ગામના વિસ્તારને કોવિડ-૧૯ કોન્ટેનમેન્ટ એરીયા તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્કીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે.

આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ ૩ મે ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઈ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## મોડાસામાં ૨૩૮ રિક્ષાચાલકોની કફોડી હાલતમાં રિલીફ કમિટી દેવદૂત બની

### રીક્ષા ચાલકોના ખાતામાં ૧ હજાર રૂપિયા જમા કરાવ્યા

મોડાસા, તા. ૨૦

લોકડાઉન એટલે ખુદને ખુદના ઘરમાં કેદ કરી તાડું મારી દેવું. હાલ કોરોના સામે લડવા માત્ર આ એક જ રસ્તો બચ્યો છે લોકો પણ લોકડાઉનમાં સરકારની પડખે ખભે ખભો મિલાવી સમર્થન કરી રહ્યા છે પરંતુ આ માહોલમાં કેટલાક એવા લોકો જે સરકારના નિર્ણયની સાથે તો છે પરંતુ આ નિર્ણય તેમના માટે એક પડકાર બની ચૂક્યો છે. મોડાસા શહેરમાં રીક્ષા ચલાવી પરિવારનું ગાડું ગબડાવતા રિક્ષાચાલકોની હાલત કફોડી બનતા શહેરમાં સેવાકીય કર્યો કરતી રિલીફ કમિટીએ ૨૮૩ રિક્ષાચાલકોના ખાતામાં એક એક હજાર રૂપિયા જમા કરાવી રિક્ષાચાલકોને ફૂલ નહિ તો ફૂલની પાંખડી રૂપી સહાય કરવામાં આવતા રિક્ષાચાલકો અને તેમના પરિવારજનોના ચહેરાઓ પર ખુશી છવાઈ હતી.

મોડાસા રિલીફ કમિટીના પ્રમુખ ઈકબાલ હુસેન ઈપ્રોલીયાના જણાવ્યા અનુસાર લોકડાઉનમાં ધંધા-રોજગારને માઠી અસર પહોંચી છે રોજે રોજનું કમાઈને ખાતા હાથલારીવાળા, ટ્રક ડ્રાઈવરો અને રીક્ષા ચાલકોની હાલત કફોડી બની છે. સરકાર હાલ અનાજ આપી રહી છે પરંતુ અન્ય જીવનજરૃરિયાત ચીજવસ્તુઓ ખરીદવા રૂપિયાની તાતી જરૂરિયાત હોવાથી મોડાસા શહેરમાં રિક્ષાચલાવી જીવનિર્વાહ ચલાવતા ૨૩૮ રીક્ષા ચાલકોનું લિસ્ટ મેળવી રીક્ષા ચાલકોના ખાતામાં એક હજાર જમા કરાવ્યા હોવાનું જણાવ્યું હતું. રિલીફ કમિટીએ રૂ.૨૩૮૦૦૦ રિક્ષાચાલકોના ખાતામાં જમા કરાવતા લોકોએ રિલીફ કમિટીની સેવાકીય કામગીરીની સરાહના કરી હતી.



રીક્ષા ચાલકોની જેમની તો રોજી ગણો કે પરિવારનું ભારણ ગણો બધું જ રીક્ષા પર નિર્ભર છે. પરંતુ લોકડાઉને તેમની હાલત કફોડી કરી નાખી છે. ઘરમાં ખાવા અન્નનો દાણો પણ ન હોય તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે રિક્ષાચાલકોને પરિવારનું બે ટંકનું ખાવાનું કઈ રીતે પૂરું કરવું તેવી કપરી સ્થિતિનું નિર્માણ થયું છે.